# ... વાહ પ્રમાણિકતા.. બેંક પાસબુકો સાથે રોકડ રકમ ભરેલુ પાઉચ પરત કર્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કર્મચારીનગર હોવાને નાતે સરકારી પગારમાં જીવતા નાગરિકોનુ શહેર માનવામાં આવે છે, જો કે આ કર્મચારીનગરના વસાહતીઓ કારમી મોંઘવારીમાં મધ્યમવર્ગીય પરિવારો હોવા છતાં પ્રમાણિકતાનુ દર્શન અનેકવાર કરાવતા રહે છે. આજે એવોજ એક કિસ્સો સેક્ટર-૧૬ ખાતે બન્યો હતો. જેમાં શહેરના એક નાગરિકે દાખવેલી પ્રમાણિકતા અન્ય નાગરિક માટે ખૂબજ રાહત બનવા પામી હતી.

આજે સેક્ટર-૧૬માં આશરે ૧૧ વાગ્યાના સુમારે ભગવાનજીભાઈ પટેલ નામના નાગિરકનું એક પાઉચ પડી જવા પામ્યુ હતુ. આ પાઉચમાં તેમના બેંક ખાતાની પાંચેક પાસબુકો સાથે કેટલીક રોકડ રકમ પણ હતી. આ પાઉચ પડી ગયુ તે ભગવાનજીભાઈને ખબર નહોતી પરંતુ જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે તેને શોધવા ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ પાઉચ મળ્યુ નહી. બપોરે આશરે ૩.૩૦ વાગ્યાના સુમારે ભગવાનજીભાઈને એક ફોન આવ્યો અને ફોન કરનારે 'તમારી કોઈ વસ્તુ ખોવાઈ છે ?' તેવુ પુછતા ભગવાનજીભાઈએ પાઉચમાં રહેલ વસ્તુઓની વિગત આપી હતી.

ખાત્રી કર્યા બાદ ફોન કરનારે તેમને સાબિતિ માટે પ્રુફ સાથે આવવાનુ કહી રૂબરૂ મળી તમામ વસ્તુઓ યથાવત સ્થિતિમાં પરત કરી હતી. પોતાની અગત્યની વસ્તુઓ પરત મળતા ભગવાનજીભાઈના આનંદનો પાર ન્હોતો રહ્યો અને તેમણે પ્રમાણિકતા દાખવનાર નાગરિકનો આભાર માન્યો હતો. આ પ્રમાણિકતા દાખવનાર સજ્જન નાગરિકનું નામ રમેશભાઈ કુકડીયા છે અને તેમને આ કાર્યમાં તેમના મોટાભાઈ કલ્પેશભાઈ કુકડીયાએ મદદ કરી હતી. શહેરના આ પ્રમાણિક નાગરિકોની પ્રમાણિકતાને ખરેખર સલામ છે..!!!



વૃક્ષારોપણ : વિશ્વ પર્યાવરણ દિને વહેલી સવારે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ વૃક્ષ વાવીને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. ઈન્દ્રોડા પ્રકૃત્તિ ઉદ્યાન ખાતે મુખ્યમંત્રીએ સાદાઈથી વૃક્ષારોપણ કર્યું હતું.

# પર્યાવરણના પડકારને પહોંચવા માટે નરેન્દ્રભાઈએ ગુજરાતમાં કલાઈમેટ ચેઈન્જનો વિભાગ બનાવ્યો છે : શંભુજી ઠાકોર

## પર્યાવરણ સંતુલન માટે સહિયારો પુરૂષાર્થ જરૂરી છે : મેયર

ગાંધીનગર, તા. ૫

પર્યાવરણના પડકારને પામી ગયેલા તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કલાઈમેટ ચેઈન્જનો અલાયદો વિભાગ ગુજરાતમાં કાર્યરત કર્યો હતો તેમ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે આજે મનપા આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યું હતું કે વૃક્ષનુ વાવેતર માત્ર નહિ પણ તેના જતન સાથેના ઉછેરની જવાબદારી સ્વીકારી સમાજ પ્રત્યેનું ઋણ ચુકવવાનો સમય આવી ગયો છે. તેમણે પર્યાવરણીય સંતુલન સાચવવાની જવાબદારી સૌની છે એટલે માટેનું એક અભિયાન આંદોલન સ્વરૂપે ચલાવવુ પડશે.

શંભુજી ઠાકોરે સ્વચ્છતા મિશનનો પણ ઉલ્લેખ કરી સ્વચ્છતાને ટેવ બનાવવાનો આગ્રહ કર્યો હતો.

પ્રારંભમાં મેયર પ્રવિણ પટેલે સ્વાગત પ્રવચનમાં ગુડા દ્વારા ચાલુ કરાયેલ ટ્રીન ટ્રીન પ્રોજેક્ટનો ઉલ્લેખ કરી સત્તામંડળે જે સામાજિક ચિંતા વ્યક્ત કરી છે તે અંગે આભાર માની આ પ્રોજેક્ટનો લાભ વધુને વધુ લોકો લે તે માટે અપીલ કરી હતી. ગુડા વિસ્તારમાં પ્રોજેક્ટ વિસ્તરણ માટે પણ ચેરમેન આશિષ દવેને અભિનંદન આપ્યા હતા.

મેયર પ્રવિણ પટેલે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની વાત કરતાં જણાવ્યુ હતુ કે પર્યાવરણની જાળવણી કરવાની વાતો અશોકના શિલાલેખમાં જોવા મળે છે. પર્યાવરણ સંતુલન માટે સહિયારો પુરૂષાર્થ જરૂરી છે.

મેયરે ગ્રીન સીટી ગાંધીનગરનું બિરૂદ પાછુ મેળવવા માટે લોકો વધુને વધુ વૃક્ષો વાવે અને તેનુ જતન કરે તેવો આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે દરેક નાગરિક આ માટે વૃક્ષમિત્ર બની અને આગળ આવે તે જરૂરી છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગુજરાત વિધાનસભાની અધ્યક્ષતામાં ટાઉનહોલ, સે. ૧૭ ખાતે કરવામાં આવી. આ કાર્યક્રમમાં પ્રભારી સચિવ સંજીવકુમાર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ધારાસભ્ય અશોકભાઈ પટેલ,

● અનુસંધાન પાના - ૭ પર






# કોંગ્રેસ દ્વારા ૪ વોર્ડ પ્રમુખ અને ૮ વોર્ડના પ્રભારી નિમાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વોર્ડ પ્રમુખોની નિયુક્તિ સાથે વોર્ડના પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે.

વોર્ડ નં. ૧ના પ્રમુખ તરીકે સંજય પટેલ, વોર્ડ નં. ૨ના પ્રમુખ તરીકે દિનેશજી ખાંટ, વોર્ડ નં. ૩ના પ્રમુખ તરીકે રણધીરસિંહ રાઠોડ અને વોર્ડ નં. ૬માં કરણસિંહ પરમારની પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

વોર્ડ પ્રભારી તરીકે વોર્ડ નં. ૧માં શૈલેન્દ્રસિંહ બિહોલા અને યુનુસભાઈ પરમાર, વોર્ડ નં. ૨માં ચિમનભાઈ વિંઝૂડા અને ઉર્પલભાઈ જોશી, વોર્ડ નં. ૩માં અંકિત બારોટ અને યુસુફભાઈ પઠાણ, વોર્ડ નં. ૪માં હસમુખભાઈ મકવાણા અને પ્રદીપસિંહ વાઘેલા, વોર્ડ નં. ૫માં જયરાજસિંહ વાઘેલા અને પુરુશોત્તમભાઈ સુશીલ, વોર્ડ નં. ૬માં રાકેશભાઈ પટેલ અને હેનિશભાઈ રાઠોડ, વોર્ડ નં. ૭માં શ્રીમતી પાયલબેન મેણાત અને જયદીપસિંહ ઠાકોર તથા વોર્ડ નં. ૮માં જીતુભાઈ રાયકા અને કે. આર. પટેલની નિમણૂક કરવામાં આવી છે.



ગાયોને બચાવવા જતાં વાહનચાલકે કાર પરનો કાબુ ગુમાવતા વૃક્ષ સાથે ટકરાયું હતું. સદનસીબે ચાલકનો આબાદ બચાવ થયો.

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા થર્મલ પાવર સ્ટેશન ખાતે વૃક્ષારોપણ યોજાયુ

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ દ્વારા થર્મલ પાવર સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ચૈતન્ય નિમાવત દ્વારા વૃક્ષોના મહત્વ અને પર્યાવરણીય જાગૃતિ અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જીઈબીના ચીફ એન્જિનીયર દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

ચૈતન્ય નિમાવત દ્વારા જણાવાયુ હતુ કે વૃક્ષોની સંખ્યા ઘટી જવાને કારણે અનેક પ્રકારના ફેરફારો વાતાવરણમાં જોવા મળી રહ્યાં છે. જેવા કે હીટસ્ટ્રોકનું પ્રમાણ વધવુ, ગરમીનો પારો વધવો, માનવી તથા પશુ-પંખીઓને લૂ લાગવી, ડીહાડ્રેશન થવુ જેવી તકલીફો પણ જોવા મળી રહી છે. આ પર્યાવરણીય અસમતુલાને દૂર કરવા માનવીએ પ્રયાસો હાથ ધરી પૃથ્વીને બચાવવા યોગદાન આપવુ જોઈએ. વૃક્ષારોપણના કાર્યક્રમમાં પીડીપીયુના વિદ્યાર્થીઓએ યોગદાન આપ્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવતે તમામને જીવનમાં વૃક્ષો વાવવા પ્રેરિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જીઈબીના એન્વાર્યમેન્ટ એન્જિનીયર ચિરાગ શાહ તથા વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યુ હતુ.



# મનપાના ભ્રષ્ટાચાર માટે તાકીદે તપાસ સમિતિ રચો : રાયકા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર-પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસ માટે તપાસ સમિતિ તાત્કાલિક રચવાની માંગ કોંગ્રેસના કાઉન્સીલર જીતુ રાયકાએ મેયરને પત્ર લખીને કરી છે.

રાયકાએ તેમના આ પત્રમાં તાજેતરમાં સ્વચ્છતા સર્વેક્ષણના પરિણામોને લઈ કરેલા ઉલ્લેખમાં જણાવ્યું છે કે મારા વોર્ડમાં આજે પણ ૨૦૦થી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે એટલુ જ નહિ અમારા વોર્ડને ઓ.ડી.ઓફ. જાહેર કરવાનો એજન્ડા સામાન્ય સભામાં મોકુફ રખાયો હતો જે હજુ સુધી મંજૂર થયો નથી. આ મુદ્દે લેખિત-મૌખિક રજુઆતો પછી પણ તંત્ર જે ઉદાસીન વલણ દાખવી રહ્યુ છે તે શંકાના દાયરામાં છે અને આપનુ તંત્ર પારદર્શક વહીવટ આપવામાં નિષ્ફળ રહ્યુ છે.

તેમણે તેમના આ પત્રમાં વાઈ-ફાઈની સુવિધા હજુ પણ શહેરમાં ઉપલબ્ધ નહિ બની હોવાનો ઉલ્લેખ કરી પ્રજાના પૈસાનો મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનુ જણાવ્યુ છે.

રાયકાએ તેમના પત્રમાં ભ્રષ્ટાચારની ફરિયાદ કરતા પત્રોના જવાબ પણ આપવાની તસ્દી તંત્ર ન લેતુ હોવાનુ જણાવી ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

તાજેતરમાં ગાંધીનગર મહાનગર પાલિકાને સરકાર દ્વારા રૂ. ૧૦.૫૩ કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે અને અત્યાર સુધીની મળેલ ગ્રાન્ટો ફીક્ષ ડીપોઝીટમાં પડી રહી છે, સરકારે ગ્રાન્ટો લોક સુવિધાના કામો કરવા માટે આપી છે, નહિ કે વ્યાજ ખાવા માટે. રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાંય હજુ સુધી શહેરમાં નળ, ગટર, રસ્તા(નગર) જે શહેરના મુખ્ય કામો છે તે સરકાર પાસેથી તમે મેળવી શકતા નથી. તે તમારી ભાજપ શાસકોની નિષ્ફળતાની નિશાની છે. આંતરિક રસ્તાઓની મરામતની કામગીરી મહાનગરપાલિકાએ કરવી જોઈએ અને રસ્તાઓ કોર્પોરેશન હસ્તક હોવા જોઈએ પરંતુ સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ પાટનગર યોજનામાં જમા કરાવી અને આંતરિક રસ્તાઓના કામો લાંબા સમય સુધી થતા નથી તેના માટે તમારૂ નબળુ શાસન જવાબદાર છે.

# વિશ્વ પર્યાવરણ દિવસે અમદાવાદ ખાતે ઈ-રીક્ષા 'મયૂરી'નો શુભારંભ

ગાંધીનગર, તા. ૫

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે અમદાવાદ ખાતે ઈ-રીક્ષા 'મયૂરી'નો શુભારંભ કરાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે તેના ઉપલક્ષ્યમાં શહેરમાં આજથી હવા અને વાયુ પ્રદૂષણ અટકાવતી અને કિફાયતી એવી ઈ-રીક્ષા 'મયૂરી' અમદાવાદનું પ્રદૂષણ ઘટાડવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

સમગ્ર માનવજાતને બચાવવા અને ભાવિ પેઢીને શુધ્ધ હવા અને પાણી મળી રહે તે રીતે પર્યાવરણનું જતન કરવું એ આપણી સામુહિક જવાબદારી છે.

પેટ્રોલ, ડિઝલ જેવા ઈંધણોના વપરાશને કારણે ઈંધણની કટોકટી સર્જાવવાની છે, વાયુનું પ્રદૂષણ વધી રહ્યું છે ત્યારે આ ઈ-રીક્ષા પર્યાવરણ ફ્રેન્ડલી છે અને તેનો વ્યાપ ગુજરાતભરમાં વધે તેવી અભિલાષા પણ તેમણે વ્યક્ત કરી હતી.

ઈ- રીક્ષા 'મયુરી' પેસેન્જર અને લગેજ વહન માટેની વિવિધતા સાથે ઉપલબ્ધ છે. નાયબ મુખ્યમંત્રીએ ઈ- રીક્ષા વિશેની વિવિધ જાણકારી પણ મેળવી હતી. આ વેળાએ તેમની સાથે માહિતી નિયામક એ.જે.શાહ, બોની કંપનીના ડિરેક્ટરો તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે રાજભવનમાં વૃક્ષારોપણ કરતા રાજ્યપાલશ્રી

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તથા લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ આજે રાજભવન ખાતે વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીને સાર્થક બનાવવા માટે પર્યાવરણના જતન અને સંરક્ષણ સારૂ જન જાગૃતિના કાર્યોમાં સૌએ યોગદાન આપવુ આવશ્યક છે. મૂલ્યવાન પ્રાકૃતિક સંપદાનુ દોહન અટકે અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે આજના સમયની તાતી જરૂરિયાત છે, એમ તેમણે જણાવ્યું હતું.

## સરકારી વાણિજય કોલેજના સત્રનો ૧૨મી જૂનથી પ્રારંભ

ગાંધીનગરની સરકારી વાણિજય કોલેજના શૈક્ષણિક સત્ર-૧૭-૧૮માં બીકોમના સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫નો ૧૨મી જુનથી નિયમિત પ્રારંભ થઈ રહ્યો છે. પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તા. ૫મી જુનથી તા. ૯મી જુન સુધીમાં સવારના ૯ થી ૧૨ કલાક કોલજની ફી ભરી પ્રવેશ મેળવી લેવો.

# ઈસનપુર મોટા ખાતે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ૨૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે તથા યોગાનુયોગ પરમપૂજય માધવરાવ સદાશિવરાવ ગોંલવલકરજી (પ.પૂ. શ્રી ગુરુજી)આર.એસ.એસ.ના દ્વિતિય સરસંચાલકની પુણ્યતિથિ હોવાથી સદભાવ એન્જિનીયરીંગ લી. તથા ઈસનપુર મોટા ગામે શ્રી એમ.બી. સાર્વજનિક હોસ્પિટલ, શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ તથા ધાર્મિક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે પર્યાવરણ દિવસે વૃક્ષારોપણનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ અન્વયે અંદાજે ૨૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ગામના અને સંસ્થાના અગ્રણી રમેશભાઈ બી. પટેલ તથા હોસ્પિટલના કન્વીનર રામચંદ્રભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી વૃક્ષો ઉછેરવાની જવાબદારી લીધી હતી. આગામી દિવસોમાં વર્ષાઋતુમાં ૧૦૦૦ જેટલા વૃક્ષો રોપી 'સદ્ભાવ વન' ઉભું કરવાની યોજના હાથ ધરાશે. સદભાવ પરિવારમાંથી કમલેશભાઈ તથા મનીષભાઈ ઉપસ્થિત રહી વૃક્ષોની વ્યવસ્થા કરી સહયોગી બન્યા હતાં.



# સે-૨૨માં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા.૫

૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે નામદાર સુપ્રિમ કોર્ટની વખતો વખતની સુચનાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ ગાંધીનગર દ્વારા પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણ પ્રોટેકશન એકટ ૧૯૮૬ના કાયદા અંગે વિસ્તૃત માહિતી આપાવા પાર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ સે-૨૨, ચ-૬ સ્થિત કિશોર કલાસીસમાં એક કાનૂની શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ પર્યાવરણ માટે ખતરો ને જેમાં સંરક્ષણ માટેના ઉપાયો તથા એકટ ૧૯૮૬ વિષે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. તથા પર્યાવરણ રક્ષણ અંગેની ઝુંબેશ જારી રાખવા અપીલ કરી હતી.

આ કાનૂની શિબિરમાં કિશોર કલાસીસના સંચાલકો કિશોર સર, બળવંત સર, ડૉ. સંજય સરનો પૂર્વ સહકાર પ્રાપ્ત થયો હતો. બલવંતસરના મુખ્ય મહેમાન પદે શિબિરનું સફળ આયોજન થયું હતું.



જળ એજ જીવન

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

પાણી પુરવઠો બંધ રાખવા અંગે નોટીસ

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જા.આ. સુખાકારી પેટા વિભાગ નં. ૧ અને ૨, ગાંધીનગર તેમજ કલોલ અને માણસાની પેટા વિભાગીય કચેરી દ્વારા ગાંધીનગર જીલ્લાના પાણી લેતાં તમામ ગામો તેમજ ગાંધીનગર શહેર, થર્મલ પાવર સ્ટેશન અને માણસા, કલોલ, દહેગામ, વિજાપુર, પેથાપુર નગરપાલિકાઓને નર્મદા કેનાલ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાઓ - જી-૧, જી-૨, જી-૩ તથા એમ-૧ પાર્ટ-૨/એનસી-૧૪ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. ઉપરોક્ત તમામ સંસ્થાઓને પાણી વેરાની વસુલાત બાબતે અવાર-નવાર નોટીસો આપવામાં આવેલ છે અને તા. ૬/૬/૨૦૧૭ સુધીમાં નાણાં ભરવા જણાવેલ પરંતુ આ સંસ્થાઓ દ્વારા પાણીના નાણાં ભરપાઈ કરેલ ન હોઈ જો પાણીના બાકી નાણાંની રકમ તા. ૬/૬/૨૦૧૭ સુધીમાં ભરવામાં નહિ આવે તો તા. ૭/૬/૨૦૧૭ બુધવારના રોજ ૨૪ કલાક માટે પાણી પુરવઠો બંધ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

માહિતી/૬૬૯/૧૭-૧૮